Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-1, June 2019
Impact Factor: 4.081
www.researchguru.net

# સ્વાતંત્ર્યસેનાની કપિલાબેન દલાલ તથા લીલાવતીબહેન પટેલ

**ડૉ.ભાવિનકુમાર પરમાર**

મદદનીશ પ્રાધ્યાપક (ઇતિહાસ) ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ (સાંજ), અમદાવાદ.

**Abstract:**

આધુનિક વિશ્વના ઇતિહાસમાં ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામ એક મહત્વની ઘટના ગણવામાં આવે છે. ભારત પર અધિકાર ભોગવતી અંગ્રેજ પ્રજાની ગુલામીમાંથી આઝાદી મેળવવા માટે થયેલા સ્વાતંત્ર્ય સંગ્રામમાં અનેક લોકોનો ફાળો રહેલો છે. ખેડા જિલ્લામાં આવેલા નડિયાદ શહેરના બે સ્ત્રી સ્વાતંત્ર્યસેનાની કપિલાબેન દલાલ અને લીલાવતી બહેન પટેલનું પણ કાંઇક આવુ જ યોગદાન રહેલું છે. ગાંધીજીએ આપેલા સત્ય અને અહિંસાના માર્ગ પર ચાલીને આ બંને બહેનોએ આઝાદી માટે અહિંસક લડત આદરી હતી. ગાંધીજીએ શરૂ કરેલી સવિનય કાનૂનભંગની લડત, વ્યક્તિગત સત્યાગ્રહ અને હિંદ છોડો લડતમાં રચનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા મહત્વનું યોગદાન આપેલું હતું. દારૂના પીઠા અને વિદેશી કાપડની દુકાનો પર પિકેટીંગ, ખાદી પ્રચાર, પ્રભાત ફેરી, સરઘસો વગેરે જેવા કાર્યક્રમો દ્વારા સરકારની નીતિઓ સામે શાંતિથી વિરોધ દર્શાવતા કાર્યક્રમો આદર્યા હતા. પોતાના કુંટુંબની જવાબદારી સાથે સાથે દેશસેવાના આ કાર્યમાં આ બંને બહેનોએ આપેલા યોગદાનને પ્રસ્તુત સંશોધન પત્ર દ્વારા પ્રકાશમાં લાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**Keywords:** પિકેટિંગ, રાષ્ટ્રવાદ, ઓર્ડિનન્સ, સ્વાવલંબન, સ્વાતંત્ર્યસેનાની



## (૧) કપિલાબેન ચંદુલાલ દલાલ (ઇ.સ.૧૯૧૧.ઇ -સ.૧૯૭૧)

કપિલાબેન ચંદુલાલ દલાલનો જન્મ વડોદરામાં ઇ.સ.૧૯૧૧માં થયો હતો .તેમનાં લગ્ન નડિયાદના શ્રી ચંદુલાલ અમૃતલાલ દલાલ સાથે થયાં હતાં .તેમના પિતા વડોદરા શહેરના અગ્રગણ્ય નાગરિક હતા. તેમના પિતાએ વડોદરામાં કેળવણી ક્ષેત્રે સુંદર કામગીરી કરી હતી.[1] ઇ.સ.૧૯૩૦ની સવિનય કાનૂનભંગની ચળવળ સમયે નડિયાદમાં શ્રી અંબાલાલ હીરાલાલ મોદીએ નડિયાદ શહેરમાં શરૂ કરેલ દેશ સેવિકા સંઘમાં તેઓ જોડાયા. આ સંઘની બહેનોના તેઓ અગ્રણી બન્યાં . આ સંઘ વિશે શુભેચ્છા લેખ ગાંધીજીએ નવજીવનમાં લખ્યો હતો.[2] આ સંઘ તરફથી દારૂના પીઠાં પર પિકેટિંગ ,સભા સરઘસો અને કાંતણ-પીંજણનાં કાર્યો થતાં હતાં .કપિલાબેને સંઘમાં ખૂબજ ઉત્સાહથી આ કાર્યો કર્યાં અને અનેક બહેનોને આ કાર્યમાં જોડ્યાં .આ લડત દરમ્યાન કપિલાબેને બહેનોનું પિકેટિંગ મંડળ ઊભું કર્યું .નડિયાદ તાલુકા સમિતિની સહાય વગર ઉતરસંડા ,ગુતાલ ,વડતાલ ,ભૂમેલ ,પીપલગ જેવાં ગામોમાં આ બહેનોએ પરદેશી કાપડની દુકાનો પર, દારૂના પીઠાં પર ચોકી પહેરો કરતી. અનેક પ્રકારના અપમાન તથા જેલનાં દુઃખ વેઠીને આ બહેનોએ વિદેશી કાપડ તથા દારૂ વેચતા વેપારીઓના દિલ

પલટાવી નાખ્યાં હતાં.[3] તા.૦૬/૦૩/૧૯૩૧ના રોજ ખેડાના કલેકટર ખેડામાં દારૂની હરાજી કરવાના હતા તે સમાચાર જાણી ખેડા જિલ્લામાંથી બહેનો ખેડા પહોંચી હતી . ભાવનગર દક્ષિણામૂર્તિ બાલમંદિરવાળા શ્રી તારાબહેન મોડક તે સમયે નડિયાદમાં હતાં . તારાબહેન મોડકની આગેવાની હેઠળ કપિલાબેન પોતાની ટુકડી સાથે ખેડા પહોચી ગયાં અને કલેકટરે કરાવેલી હરાજીનો વિરોધ કર્યો હતો. સત્યાગ્રહ કરતી બહેનો પર પોલીસે લાઠીચાર્જ કર્યો જેમાં કપિલાબહેન ઘવાયા .આ સત્યાગ્રહ કરવાના કારણે તેમની ધરપકડ થઇ હતી અને બે અઠવાડિયાની જેલની સજા તેમને થઇ હતી.[4] ઇ.સ.૧૯૪૨ની'હિંદ છોડો' લડતમાં કપિલાબેને નડિયાદની વિઠ્ઠલ કન્યાવિદ્યાલયની બહેનોની જુદી જુદી ટુકડી બનાવી. આ ટુકડીઓ રોજ સવારે આખા શહેરમાં પ્રભાતફેરી કાઢતી. આ લડત દરમિયાન તેમની તબિયત બગડી હોવા છતાંય તેઓ સભા-સરઘસોમાં ભાગ લેતાં હતાં . નડિયાદમાંથી વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ પ્રવૃત્તિ પણ તેમણે કરી હતી.[5] સરકારે કપિલાબેન અને તેમના પતિ ચંદુલાલ દલાલની કોંગ્રેસની પ્રવૃત્તિઓમાં સક્રિય પણે ભાગ લીધેલ હોવાથી ધરપકડ કરી. તેમને ત્રણ માસની જેલની સજા અને ૧૦૦-/રૂ દંડની સજા થઇ અને તેમના પતિને ૯ માસની જેલની સજા થઇ .ઇ.સ.૧૯૩૮થી ઇ.સ.૧૯૫૩સુધી નડિયાદ મ્યુનિસિપાલિટીના સભ્યપદે રહી શહેરની સેવા કરી .નડિયાદમાં મહિલા સમાજની સ્થાપનામાં મહત્વનો ભાગ ભજવ્યો. નડિયાદમાં આવેલી વિઠ્ઠલ કન્યાવિદ્યાલયમાં પણ તેઓએ નિઃસ્વાર્થ સેવાઓ આપી હતી .વર્ષ ૧૯૭૧માં કપિલાબેન અવસાન પામ્યાં.[6]



**(૨) લીલાવતીબહેન બાબુભાઇ પટેલ (૧૯૧૨-૧૯૭૩)**

લીલાવતીબહેનનો જન્મ ઇ.સ.૧૯૧૨માં કરમસદ મુકામે થયો .તેમણે પ્રાથમિક તથા હાઇસ્કૂલનું શિક્ષણ કરમસદમાંથી મેળવ્યું. તેમના લગ્ન ઇ.સ.૧૯૨૯માં બાબુભાઇ જશભાઇ પટેલ સાથે થયાં હતાં. બાબુભાઇ નડિયાદ શહેરના અગ્રગણ્ય સ્વાતંત્ર્યસેનાની હતા .બાબુભાઇ પર મહાત્મા ગાંધીજીની ઊંડી અસર હોવાથી તેઓ સ્વાતંત્ર્ય લડતમાં જોડાયા હતા . બાબુભાઇના કારણે જ લીલાવતીબહેન મહાત્મા ગાંધી ,વલ્લભભાઇ પટેલ ,રવિશંકર મહારાજના સંપર્કમાં આવ્યાં હતા .પરિણામે તેઓ પણ આઝાદીની લડતનાં સક્રિય કાર્યકર બન્યાં[7].

નડિયાદમાં આઝાદીની લડતમાં કામ કરતા ગંગાબહેન અને કપિલાબેન સાથે લીલાવતીબહેન જોડાયાં .લીલાવતીબહેને બહેનોની ટુકડી બનાવી નડિયાદની આસપાસ આવેલા ગામોમાં જઇ ગ્રામસફાઇ ,ખાદી પ્રચાર ,સ્વદેશી પ્રચાર ,અસ્પૃશ્યતા નિવારણ જેવી રચનાત્મક પ્રવૃત્તિઓ શરૂ કરી. ઇ.સ.૧૯૩૦ની સવિનય કાનૂનભંગની લડત સમયે ગાંધીજીની ધરપકડ થઇ .આ ઘટનાના કારણે નડિયાદની બહેનોએ ગાંધીદિન ઉજવવાનું નક્કી કર્યું જેની જવાબદારી લીલાવતીબહેનને સોંપવામાં આવી .તા.૨૬/૧૨/૧૯૩૦ના રોજ નડિયાદમાં લીલાવતીબહેનની આગેવાની હેઠળ પ્રભાતફેરી કાઢવામાં આવી ,

સવારના સાતથી સાંજના સાત સુધી એક અખંડ રેંટિયો ચલાવવામાં આવ્યો .કાંતણ - પીંજણની હરિફાઇ યોજવામાં આવી .રાત્રે સભાનું આયોજન થયું જેમાં લીલાવતીબહેને સ્વદેશી વસ્તુઓ વાપરવા તથા ગાંધી ચીંધ્યા માર્ગે આઝાદી મેળવવા લોકોને સમજાવ્યાં[8].

ભારતની આઝાદીની લડતમાં સ્ત્રીઓનો ફાળો ખૂબ રહેલો છે .આઝાદીની લડતમાં સ્ત્રીઓને ગાંધીજીએ વિદેશી કાપડ તથા દારૂના બહિષ્કાર માટે શાન્ત ચોકીનું કાર્ય સોંપ્યું હતું .સ્ત્રીઓની શાન્ત પણ અડગ ચોકીના પરિણામે લેન્કશાયરની મિલો દેવાળીયા બની ગઇ હતી .લીલાવતીબહેને નડિયાદમાં ગાંધીજીએ આપેલા બહિષ્કારના શસ્ત્રને લઇ બહેનોનું પિકેટિંગ મંડળ બનાવ્યું .આ મંડળમાં નડિયાદ તથા આસપાસના ગામોની બહેનો હતી. વિદેશી કાપડની દુકાનો પર લીલાવતીબહેન લોકોને વિદેશી કાપડ ,વિદેશી ચીજવસ્તુઓ ન ખરીદવા સમજાવતા. તેમણે વિદેશી કાપડ તથા વસ્તુઓ વેચતા વેપારીઓને કહ્યું કે ,"અમારે એટલું જ જોવાનું કે ખાંડ હોય કે કાપડ ,તેલ હોય કે કાંસકી ગમે તે હોય તે બ્રિટિશ માલ છે કે નહીં? તો એનો બહિષ્કાર કરોઅમે એક જ માંગીએ . .છીએ કે કાં તો બ્રિટિશ સલ્તનત નહીં કાં તો અમે નહીં" લીલાવતીબહેનની સમજાવટના કારણે નડિયાદના વેપારીઓએ વિદેશી કાપડ તથા ચીજવસ્તુઓ વેચવાનું બંધ કરી દીધું હતું. લોકો સૂતર કાંતતા થાયખાદી પહેરે તે હેતુથી નડિયાદમાં જિલ્લા કોંગ્રેસ સમિતિએ , .ખાદી સરંજામ કાર્યાલય શરૂ કર્યું જેની જવાબદારી લીલાવતીબહેને સ્વીકારીલોકો સૂતર કાંતીને કાર્યાલય પહોંચાડતા ત્યાંથી લીલાવતીબહેન આ કાંતેલું સૂતર ખાદી કાર્યાલય બોરસદ ખાતે મોકલતા .લીલાવતીબહેનનો આ સૂતર કાર્યક્રમ નડિયાદમાં ખૂબ સફળ થયો હતો[9].

નડિયાદમાં સંતરામ મંદિરના શતાબ્દી મહોત્સવ પ્રસંગે ખાદી પ્રદર્શન યોજવામાં આવ્યું .આ ખાદી પ્રદર્શનમાં સ્વચ્છતા તથા ખાદીનો વધુ પ્રચાર થાય તેની ઉત્તમ કામગીરી લીલાવતીબહેને કરી. તા.૦૬/૦૩/૨૧ના રોજ ખેડામાં કલેકટરે દારૂની હરાજીનું આયોજન કર્યું આ હરાજી ન થાય તે માટે .૬૦૦ બહેનો તથા ૧૦૦ ભાઇઓ સત્યાગ્રહ માટે ખેડા ગયા. લીલાવતીબહેનની આગેવાની હેઠળ નડિયાદ તાલુકાની બહેનો ખેડા પહોંચી . નડિયાદ દેશ સેવિકા સંઘના નાનીબહેનની આગેવાની હેઠળ બહેનોએ સત્યાગ્રહ શરૂ કર્યો . સત્યાગ્રહી બહેનો પર પોલીસે લાઠીચાર્જ કર્યો જેમાં લીલાવતીબહેન ઘાયલ થયાં હતાં . [10].રાખ્યાં અને રાત્રે છોડી મૂક્યાં તેમને પકડી પોલીસે ઉનાળાના તાપમાં બેસાડી સવિનય કાનૂનભંગની લડત સમયે બ્રિટિશ સરકારે લડતને કાબૂમાં લેવા કેટલાક ઓર્ડિનન્સ બહાર પાડ્યા જેનો વિરોધ કરવા માટે તા.૨૬/૬/૩૨ના રોજ સુણાવ ખાતે શાન્તાબેન દેસાઇની આગેવાની હેઠળ સરઘસ કાઢવામાં આવ્યું .આ સરઘસમાં લીલાવતીબહેને ભાગ લીધો[11].

ઇ.સ.૧૯૪૦માં વ્યક્તિગત સત્યાગ્રહનો પ્રારંભ થયોગાંધીજીની મંજૂરી સાથે ખેડા . જિલ્લા સમિતિ દ્વારા વ્યક્તિગત સત્યાગ્રહ કરનારાઓની યાદી બહાર પાડવામાં આવી . કોણ .કયારે અને કયાંથી સત્યાગ્રહ કરશે તેની જાહેરાતો થઇ ,ખેડાના કલેકટરે તા.૨૯/૧૧/૪૦ના રોજ હોમ ડિપાર્ટમેન્ટને લખેલા પત્ર પરથી જાણવા મળે છે કે , .તા૨૮/૧૧/૧૯૪૦ના રોજ સરકાર સામે યુદ્ધ વિરોધી સૂત્રો પોકારતા લીલાવતીબહેનની નડિયાદમાંથી વ્યક્તિગત સત્યાગ્રહી તરીકે ધરપકડ થઇ અને તેમને એક દિવસની જેલની

સજા અને રૂ.૨૦૦નો દંડ ,દંડ ન ભરે તો ત્રણ માસની સજા સરકાર દ્વારા કરવામાં આવી [12]. લીલાવતીબહેને પોતાના બે વર્ષના બાળકની ચિંતા છોડી દંડ ભરવાને બદલે જેલમાં જવાનું નક્કી કર્યું .૨૦/૦૩/૧૯૪૧ના રોજ લીલાવતીબહેને ફરીવાર ડભાણ ખાતેથી સરકાર સામે યુદ્ધ વિરોધી સૂત્રો પોકારી ધરપકડ સ્વીકારી .લીલાવતીબહેને કલમ નં-૩૮)૧)(૪ (પ્રમાણે ૨ મહિનાની સજા તથા રૂ.૨૦૦ દંડની સજા આપવામાં આવી [13]. ૦૭/૧૦/૧૯૪૧માં પુનઃ નડિયાદ સ્વામિનારાયણ મંદિર પાસેથી બપોરે ૨.૦૦ વાગ્યે સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કરતા ધરપકડ થઇ ૬ તેમને .મહિનાની જેલની સજા થઇ .આ સજા લીલાવતીબહેને યરવડા જેલમાંથી પૂર્ણ કરી હતી તેઓને આ જેલમાં 'B' વર્ગમાં મૂકવામાં આવ્યાં હતાં[14].

ઇ.સ.૧૯૪૨માંહિંદ છોડો લડતની શરૂઆત થઇ પરંતુ પ્રથમ રાઉન્ડમાંજ બાબુભાઇ સાથે લીલાવતીબહેનની ધરપકડ થઇ અને ૩ માસની જેલ અને રૂ.૧૦૦ દંડની સજા થઇ . કુલ ચાર વાર તેઓ જેલમાં ગયા હતા. લીલાવતીબહેને જેલવાસ અમદાવાદ સાબરમતી જેલમાંથી પૂરો કર્યો હતો. ખાદી અસ્પૃશ્યતા નિવારણ ,સ્વાશ્રય ,સ્વાવલંબન ,સાદાઇ , કરકસર ,ત્યાગ ,બલિદાનવગેરે આદર્શોને તેમણે પોતાના જીવનમાં વણી લીધા હતા . ઇ.સ.૧૯૩૮માં બાબુભાઇએ વસ્ત્ર સ્વાવલંબી બનવાની પ્રતિજ્ઞા કરી પરંતુ પાછળથી જાહેર સેવાની પ્રવૃત્તિઓ વધવાથી તેમને સમયની તૂટ પડવા લાગી .એટલે લીલાવતીબહેને અંબર ચરખો કાંતીને વસ્ત્ર સ્વાવલંબનને પહોંચી વળવા તે રીતના પ્રયત્નો આરંભ્યા . પોતાના પરિશ્રમથી તેમણે ઘરનું વાતાવરણ ખાદીમય બનાવ્યું .ઘરનાં ગાદલાં ,તકીયા , ચાદરો ,પડદા વગેરે તો ખાદીના બન્યા પણ પૌત્ર ,પૌત્રીઓના સદરા-લંગોટ ,બાળોતિયાં વગેરે પણ ખાદીના બનાવ્યા .આવા ખાદીપ્રેમી લીલાવતીબહેન ઇ.સ.૧૯૭૩માં અવસાન પામ્યાં[15].

**સમાપન:**

**"હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ,**
**કલેજા ચીરતી કંપાવતી અમ ભયકથાઓ,**
**મરેલાંના રૂધિરને જીવતાના આંસુડાઓ"**

ગાંધીયુગની બે મહત્વની લડતો સવિનય કાનૂનભંગની ચળવળ તથા હિંદ છોડો ચળવળમાં નડિયાદ શહેરની બહેનોનું યોગદાન અમૂલ્ય છે. દુઃખની વાત એ છે કે સ્વાતત્ર્યસંગ્રામ દરમિયાન ખેડા જિલ્લાના યોગદાન પર લખાયેલા કેટલાક પુસ્તકોમાં માત્ર બે કે ચાર જ બહેનોનો ઉલ્લેખ જોવા મળે છે. કપિલાબેન તથા લીલાવતીબેન જેવા કેટલીય બહેનોએ પોતાના ઘરની, બાળકોની, સમાજની ચિતાં કર્યા વગર દેશસેવાના કાર્યમાં આપેલો ફાળો. પોતાના પતિઓને દેશસેવા માટે હોમાઇ જવા માટે આપેલી પ્રેરણા વગેરનો ઉલ્લેખ સુધ્ધા આપણા ગુજરાતી સ્વાતંત્ર્યસંગ્રામના પુસ્તકોમાં નથી. પરંતુ જે અગ્રેંજ પ્રજાએ તેમને જેલમાં પુર્યા, માર માર્યો, ત્રાસ ગુજર્યો તે અંગ્રેજ પ્રજાએ તેમના નામ સાથેના દસ્તાવેજો જેવા કે પોલીસ રેકોર્ડ, ડેઇલી રીપોર્ટસ અને વિકલી રીપોર્ટસ તૈયાર કર્યા જે આજે પણ મુંબઇના દફતરભંડારમાં સંગ્રહિત છે. કપિલાબેન અને

લીલાલતીબહેન જેવી અનેક બહેનોએ દેશસેવામાં આપેલા યોગદાનની માહિતી આ ફાઇલોમાં સંગ્રહિત છે. બસ જરૂર છે તો તેના પરની ધૂળ ખંખેરી તેને પ્રકાશમાં લાવવાની.

## પાદનોંધ

1. શાહ પ્રવીણકાંત,નડિયાદની રાષ્ટ્રીય અસ્મિતા ,બાલ્કન જી બારી ,નડિયાદ ,૧૯૭૪, પૃ.૨૧૫.
2. ગાંધી મોહનદાસ ,નડિયાદ દેશ સેવિકા સંઘને ,નવજીવન ,પુસ્તક-૧૨ ,અંક-૩૫ , ૧૦મે ૧૯૩૧, પૃ.૧૨૮.
3. ખેડા જિલ્લા પત્રિકા, અંક-૨૬૬, તા.૨૧/૦૨/૧૯૩૧, શનિવાર,પૃ.૮.
4. પાઠક રામનારાયણ,પૂર્વોક્ત ગ્રંથ,પૃ.૨૩૬-૨૩૭.
5. શુક્લ જયકુમાર(સંપા), ગુજરાતના સ્વાતંત્ર્યસૈનિકો માહિતીકોશ,ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૧૯૯૮,પૃ.૧૦૭.
6. શાહ પ્રવીણકાંત, પૂર્વોક્ત ગ્રંથ,૧૯૭૪, પૃ.૨૧૬.
7. એજન,પૃ.૨૪૧-૨૪૨.
8. ખેડા જિલ્લા પત્રિકા, અંક-૨૧૫, તા.૨૫/૧૫/૩૦ગુરૂવાર,પૃ.૧.
9. ખેડા જિલ્લા પત્રિકા, અંક-૨૭૦, તા.૨૬/૦૨/૩૧ગુરૂવાર,પૃ.૩-૪.
10. શાહ પ્રવીણકાંત,પૂર્વોક્ત ગ્રંથ, નડિયાદ,૧૯૭૪,પૃ.૭૨.
11. બોરસદ સત્યાગ્રહ સમાચાર પત્રિકા, શાન્તાબેન દેસાઇ, અંક-૧૭૧, ૨૪/૬/૧૯૩૨ શુક્રવાર,પૃ.૨.
12. હોમ ડિપાર્ટમેન્ટ સ્પેશ્યલ ફાઇલ નં.૧૦૨૦(૫)(C-3 ),I,Class-A,દૈનિક અહેવાલ, ખેડા જિલ્લો, ૧૯૪૧,મહારાષ્ટ્ર રાજય દફતર ભંડારમાં સંગ્રહિત, મુંબઇ,પૃ.૬૯-૭૫.
13. હોમ ડિપાર્ટમેન્ટ સ્પેશ્યલ ફાઇલ નં.૮૦૦(૭૪)(૪), III, Class-A, દૈનિક અહેવાલ,ખેડા જિલ્લો, ૨૦માર્ચ ૧૯૪૧, મહારાષ્ટ્ર રાજય દફતર ભંડારમાં સંગ્રહિત, મુંબઇ,પૃ.૧૪૫.
14. હોમ ડિપાર્ટમેન્ટ સ્પેશ્યલ ફાઇલ નં.૧૦૨૦(૮)(૧૧),Class-A,Action taken Against Individals in the kharia dist. Under rules ૧૨૯ and ૨૬.૧૯૪૧,મહારાષ્ટ્ર રાજય દફતર ભંડારમાં સંગ્રહિત, મુંબઇ,૧૫૫-૧૫૯.
15. શાહ પ્રવીણકાંત,પૂર્વોક્ત ગ્રંથ, નડિયાદ,૧૯૭૪,પૃ.૨૪૧-૨૪૨.

## સંદર્ભગ્રંથ સૂચિ

### પુસ્તકો


1. પાઠક રામનારાયણ ના, ખેડા જિલ્લા સ્વાતંત્ર્ય સંગ્રામ )ઇ.સ.૧૮૫૭થી ૧૯૪૭(, સરદાર વલ્લભભાઇ ટ્રસ્ટ, નડિયાદ,૧૯૭૯ .

2. શુક્લ જયકુમાર(સંપા), ગુજરાતના સ્વાતંત્ર્યસૈનિકો માહિતીકોશ,ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૧૯૯૮.
3. શાહ પ્રવીણકાંત,નડિયાદની રાષ્ટ્રીય અસ્મિતા, બાલ્કન જી બારી, નડિયાદ,૧૯૭૪.

**સામયિકો**

1. ગાંધી મોહનદાસ ,નડિયાદ દેશ સેવિકા સંઘને ,નવજીવન ,પુસ્તક-૧૨ ,અંક-૩૫ , ૧૦મે ૧૯૩૧.
2. ખેડા જિલ્લા પત્રિકા, અંક-૨૬૬, તા.૨૧/૦૨/૧૯૩૧, શનિવાર.
3. ખેડા જિલ્લા પત્રિકા, અંક-૨૧૫, તા.૨૫/૧૫/૩૦ગુરૂવાર.
4. ખેડા જિલ્લા પત્રિકા, અંક-૨૭૦, તા.૨૬/૦૨/૩૧ગુરૂવાર.
5. બોરસદ સત્યાગ્રહ સમાચાર પત્રિકા, શાન્તાબેન દેસાઇ, અંક-૧૭૧, ૨૪/૬/૧૯૩૨ શુક્રવાર.

**મુંબઇ દફતરભંડારમાં સંગ્રહિત ફાઇલો**

1. હોમ ડિપાર્ટમેન્ટ સ્પેશ્યલ ફાઇલ નં.૧૦૨૦(૫)(C-3 ),I,Class-A,દૈનિક અહેવાલ, ખેડા જિલ્લો, ૧૯૪૧,મહારાષ્ટ્ર રાજય દફતર ભંડારમાં સંગ્રહિત, મુંબઇ.
2. હોમ ડિપાર્ટમેન્ટ સ્પેશ્યલ ફાઇલ નં.૮૦૦(૭૪)(૪), III, Class-A, દૈનિક અહેવાલ,ખેડા જિલ્લો, ૨૦માર્ચ ૧૯૪૧, મહારાષ્ટ્ર રાજય દફતર ભંડારમાં સંગ્રહિત, મુંબઇ.
3. હોમ ડિપાર્ટમેન્ટ સ્પેશ્યલ ફાઇલ નં.૧૦૨૦(૮)(૧૧),Class-A,Action taken Against Individals in the kharia dist. Under rules ૧૨૯ and ૨૬.૧૯૪૧,મહારાષ્ટ્ર રાજય દફતર ભંડારમાં સંગ્રહિત.